# ગુજરાતમાં ધીરે ધીરે કાબુમાં આવી રહ્યો છે કોરોના રાક્ષસ

## અત્યાર સુધીમાં કુલ ૪૦૮૩૬૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ગુજરાતમાં કોરોનાના નવા ૧૪૩૨૭ કેસ

ગાંધીનગર, તા. ૨૯ રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાની બીજી લહેર પહેલા કરતા વધારે ભયાનક હોય તે પ્રકારે રોજેરોજ આંકઓ પોતાનો જ બનાવેલો રેકોર્ડ તોડી રહ્યા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડો પણ તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. જો કે હવે કોરોના તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. આંકડો ૧૪ હજારની આસપાસ સ્થિર થઈ રહ્યો છે. સતત રસીકરણને કારણે અને સરકારનાં પ્રયાસોનાં કારણે કોરોનાનો આંકડો સ્થિર થઈ રહ્યો છે. કેટલાક નિષ્ણાંતોનો દાવો છેકે સરકાર ટેસ્ટિંગ ઘટાડીને આંકડા કાબુમાં હોવાનાં દાવા કરી રહી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૩૨૭ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૯,૫૪૪ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪,૦૮,૩૬૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે પણ ઘટ્યો હતો અને ૭૩.૮૨ ટકાએ પહોંચ્યો હતો. અત્યાર સુધીમાં ૯૬,૩૩,૪૧૫ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૨૨,૮૯,૪૨૬ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૧૯,૨૨,૮૪૧ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષનાં કુલ ૬૨,૦૨૬ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૬૨,૦૨૬૧ વ્યકિતઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૩૭,૭૯૪ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૫૭૨ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૩૭,૨૨૨ લોકો સ્ટેબલ છે. ૪,૦૮,૩૬૮ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૭,૦૧૦ લોકોનાં મોત નિપજ્યાં છે.

## કોરોના કોર્નર

- પૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંઘ કોરોનામુક્ત થતા એઈમ્સમાંથી રજા અપાઈ.
- તામિલનાડુ સરકારે નાઈટ કરફ્યુ લંબાવી અને રવિવારે સંપૂર્ણ લોકડાઉન જાહેર કર્યું.
- ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવની તબિયત લથડતા પૂના હોસ્પિટલમાં દાખલ કરાયા.
- ઉત્તરપ્રદેશમાં ચોથી મે સુધી સંપૂર્ણ લોકડાઉન જાહેર કરાયું.
- ચારધામ યાત્રા રદ કરાઈ.
- બેંગ્લોરમાં ત્રણ હજાર કોરોનાના દર્દીઓ લાપત્તા.
- રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત અને તેમના પત્ની કોરોનાથી સંક્રમિત.
- કોરોના સામે લડવા કેનેડાએ એક કરોડ ડોલર ભારતને આપ્યા.
- વડોદરામાં છસો બાળકો કોરોનાની સારવાર લઈ રહ્યા છે.
- દિલ્હી, ઓરિસ્સા, જમ્મુ-કાશ્મીર અને પંજાબમાં વેક્સીનની ભારે અછત.
- મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ વચ્ચે બસ સેવા રદ કરાઈ.
- મહારાષ્ટ્રમાં પ્રથમવાર એક જ દિવસમાં એક હજારથી વધુ મોત.
- રશિયાથી દવા, વેન્ટિલેટર અને ઓક્સિજન કોન્સેન્ટેટર લઈને વિમાન દિલ્હી પહોંચ્યુ.
- ભાજપના ઝારખંડના પૂર્વ અધ્યક્ષ લક્ષ્મણ ગીલુવાનુ કોરોનાથી નિધન.
- બોલીવુડ અભિનેતા રણધીરકપૂર કોરોનાથી સંક્રમિત થતા કોકિલાબેન હોસ્પિટલમાં દાખલ કરાયા.

# જીવલેણ કોરોના : ૨૪ કલાકમાં જિલ્લાના કેમીસ્ટ પરિવારના ૩ નાં કોરોનાથી મોત, દવા બજારમાં શોક

**કોરોનાગ્રસ્ત દર્દીઓને બચાવવા માટે કોરોના વોરિયર્સ બનેલા કેમીસ્ટોના ત્યાં જ કોરોનાનો ક્રૂર પંજો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ પોતાના જીવની પરવા કર્યા વગર છેલ્લા ૧૪ મહિનાથી કોરોના દર્દીઓની સારવારમાં જરૂરી દવાઓનું વિતરણ કરતા કેમીસ્ટ પરિવારો માટે પણ કોરોના ઘાતક સાબિત થયો છે. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન કેમીસ્ટ પરિવારના સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૩ નાં મોતથી દવા બજારમાં શોક છવાયો છે. કોરોનાથી પોતાના સ્વજનો ગુમાવ્યા છતાં કેમીસ્ટોએ અન્ય દર્દીના જીવ ન જોખમાય તે માટે મેડીકલ ખુલ્લા રાખી સાચો માનવ ધર્મ બજાવ્યો છે.

કોરોનાને હળવાશથી લેશો તો મોતના મુખમાં ધકેલાઈ જવાય તેવી સ્થિતિ છે. અત્યારે તો કોરોનાથી મોત થયા પછી કોણ કોને સાંત્વના આપે તેવી વિકટ સ્થિતિનું નિર્માણ થયું છે. જિલ્લામાં સરકારી ચોપડે ભલે મૃત્યુ આંક ઓછો દર્શાવાતો હોય પરંતુ મૃત્યુ દરમાં ચિંતાજનક વધારો થયો છે. એક રીતે કોરોનાએ લાશોના ઢગલા ખડકી દીધા છે. ક્યાં સુધી કોરોના માનવ સંહાર કરશે..?? તે કહેવું મુશ્કેલ છે. પરંતુ સ્થિતિ વધુ નાજૂક બની ગઈ છે. કેમીસ્ટો કોરોના વાયરસનું સંક્રમણ શરૂ થયું ત્યારથી ચેપ ન લાગે તેની કાળજી રાખી છતાં પણ પરિવારજનો સુધી કોરોનાનું સંક્રમણ પહોંચ્યું જેમાં પાછલા ૨૪ કલાકમાં કેમીસ્ટ પરિવારના ૩ સભ્યોના મોત નિપજ્યાં છે.

**કયા કેમીસ્ટોએ જીવ ગુમાવ્યા..**
અરવિંદભાઈ સોની, સુદર્શન કેમીસ્ટ-ભિલોડા
શૈલેષભાઈ, અંજલી મેડીકલ સ્ટોર્સ-ભિલોડા
અરૂણભાઈ પટેલ, અંબિકા મેડીકલ સ્ટોર્સ-મટોડા

# બાયડ તાલુકાના વારેણા આશ્રમ શાળામાં કોરોનાના દર્દીઓ માટે ૫૦ બેડની હોસ્પીટલ કાર્યરત થશે



બાયડ તા.૨૯ ભારતીય જનતા પાર્ટી અરવલ્લી જિલ્લો અને બાયડ ભાજપા સંગઠન ના સંયુક્ત પ્રયાસ થી બાયડ વારેણા આશ્રમ શાળા ખાતે કોવિડ હોસ્પીટલ આગામી બે દિવસ માં કાર્યરત કરાશે જેમાં ૫૦ બેડ અને જમવા ની સુવિધા સાથે ટુંકજ સમય માં શરૂ કરવામાં આવશે આગામી સમય માં જરૂર પડે થી બેડ ની સંખ્યા માં વધારો કરાશે જેથી કોરોના મહામારી માં કોરોના દર્દીઓ ને પડતી તકલીફ નો અંત આવશે.

**ગાંધીનગર સમાચારની ગુંજ સરકારના દ્વાર સુધી પહોંચી**

# શિક્ષણમંત્રીએ શિક્ષક સાથે ટેલિફોનિક વાર્તાલાપ કર્યો : પાલડી પ્રા.શાળાના મુખ્ય શિક્ષકની સેવાકીય પ્રવૃત્તિની મહેંક પ્રસરી, જી.સી.ઈ.આર.ટી.ના નિયામક શાળામાં પહોંચ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ સરકારી શાળાના પ્રા.શિક્ષકો ધારે તો સમાજમાં કેવો બદલાવ લાવી શકે છે તેનાં અનેક ઉદાહરણો મોજુદ છે. બાયડ તાલુકાની છેવાડાની પાલડી પ્રા.શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોનીએ બેટીયાં સ્કુલ ચલો..કાર્યક્રમના માધ્યમથી ૪૦૦૦ કન્યાઓને શિક્ષણ માટે સજ્જ કરવાની સાથે તેમના ઉચ્ચ અભ્યાસ માટે પણ ચિંતા કરી હતી. છેલ્લા એક દાયકાથી કન્યાઓના શિક્ષણ માટે કામ કરતા પ્રા.શિક્ષકનો ઉંડાણપૂર્વકનો અહેવાલ ગાંધીનગર સમાચારમાં સોમવારે પ્રસિદ્ધ થતાંની સાથે સમાચારની ગુંજ સરકારના દ્વાર સુધી પહોંચી અને બીજા દિવસે અધિકારીઓ પાલડી પ્રા.શાળામાં પહોંચ્યા હતા. જ્યાં પ્રા.શિક્ષકે




જી.સી.ઈ.આર.ટી.-ગાંધીનગરના નિયામક સહિતના શિક્ષણ વિભાગના શિક્ષણની સાથે કન્યાઓ માટે કરેલ વિશેષ કામગીરીની નોંધ લઈ પીઠ થબથબાવી હતી અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાથે શિક્ષકનો ટેલિફોનિક વાર્તાલાપ કરાવતાં સમગ્ર અરવલ્લી જિલ્લામાં પાલડી પ્રા. શાળાના મુખ્ય શિક્ષક અને સહયોગી સ્ટાફ ઉપર અભિનંદન વર્ષા શરૂ થઈ છે.

શિક્ષક પોતાના દુશ્મનનું પણ ક્યારેય અહિત ઈચ્છતા નથી. શિક્ષકોનું માત્ર ડગલેને પગલે સન્માન થવું જોઈએ પરંતુ કહેવાતા શિક્ષિત સમાજમાં શિક્ષકોની ધરાર ઉપેક્ષા થઈ રહી છે તે બાબત ભૂલવી જોઈએ નહીં. કોરોના કાળમાં અનેક વાલીઓને પોતાના સંતાનો ઘરે રહ્યા ત્યારે કેવા અનુભવ થયા..?? તેની વિગતો સોશ્યલ મીડીયામાં જોવા મળતી હતી. માતા-પિતા એક કે બે બાળકને યોગ્ય રીતે ન સાચવી શકે તો શાળામાં શિક્ષક એક વર્ગખંડના ૩૦ થી ૫૦ બાળકોને કેવી રીતે સાચવતો હશે..?? તેની કલ્પના કરો. છતાંય શિક્ષકના માથે જશના બદલે અપજશનો ટોપલો મૂકવામાં આવે છે. પાલડી પ્રા.શાળાના મુખ્ય શિક્ષકે બાળકોને સારા અભ્યાસની સાથે કન્યાઓ માટે ચિંતા વ્યક્ત કરી કારણ કે પાલડી વિસ્તાર અત્યંત પછાત છે અને ત્યાં માંડ કન્યાઓ ધો.૧૦ પછી ઉચ્ચ અભ્યાસ કરતી હોય ત્યારે પાલડી પ્રા.શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોનીએ એન.જી.ઓ. સંસ્થાના માધ્યમથી કન્યાઓના શિક્ષણ માટે બેટીયાં સ્કુલ ચલો..કાર્યક્રમ અમલી બનાવ્યો. દર વર્ષે સરકારના શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં સહયોગી બન્યા અને અત્યાર સુધીમાં ૪૦૦૦ કન્યાઓને શિક્ષણ માટે સજ્જ કરી. એક ઈતિહાસ રચ્યો. આ અહેવાલ ગાંધીનગર સમાચાર દ્વારા પ્રસિદ્ધ થયા. રાજ્યના પાટનગર ગાંધીનગર અને સરકારના મંત્રીઓ સુધી અહેવાલ પહોંચ્યા અને મુખ્ય શિક્ષકનો મોબાઈલ રણક્યો અમે જી.ઈ.આર.ટી. ગાંધીનગરથી બોલીએ છીએ અમે તમારી શાળાની શુભેચ્છા મુલાકાતે આવી રહ્યા છીએ. મુખ્ય શિક્ષક હરખાયા. બીજા દિવસે ગાંધીનગર અને જિલ્લામાંથી શિક્ષણ વિભાગના નાયબ નિયામક તેમજ ઈડર ડાયેટ પ્રા.ચાર્ય શાળામાં પહોંચ્યા. નાયબ નિયામક વિનયગીરી ગોસાઈએ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને શાળાના શિક્ષકની પ્રવૃત્તિ બાબતે માહિતી આપી અને શિક્ષણ મંત્રીએ પણ ધર્મેશ સોની સાથે ટેલિફોનિક વાર્તાલાપ કરી તેમના મિશનને બિરદાવ્યું. છેવાડાના વિસ્તારમાં રહીને પણ સારી પ્રવૃત્તિ કરાતી હોય તો વહેલી મોડી તેની અવશ્ય નોંધ લેવાય છે. પાલડી પ્રા.શાળાએ પણ શિક્ષક વિશેષ..ના મથાળાથી ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં અખબારનો આભાર માન્યો છે.

## જન્મદિને વધામણી



સાચી(ઝીવા) નૈતિકકુમાર પટેલ
બાયડ



પ્રિયાંશી ઈન્દ્રવદન પંચાલ
રણેચી, તા.બાયડ




જાનવી વિજયકુમાર પ્રજાપતિ
(વિવેકાનંદ સોસાયટી-બાયડ)
બાયડ



જયકિશન ભટ્ટ
બાયડ(ગાબટ)



તેજસ ભૂપેન્દ્રભાઈ દરજી
(અરવલ્લી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી)
બાયડ (ડાભા)



વિપુલ ગોસ્વામી
બાયડ

# તલોદમાં એક સપ્તાહનું 'સંપૂર્ણ લોકડાઉન'

તલોદ, તા ૨૯ સાબરકાંઠા જિલ્લાના તલોદ નગર અને તલોદ તાલુકાના સંખ્યાબંધ ગામો માં કોરોના એ તીવ્ર ગતિએ આક્રમણ જારી રાખતા ન છૂટકે પ્રજાના જાહેર જન આરોગ્ય ના હિત ને કેન્દ્ર સ્થાને રાખીને તલોદ ના વેપારીઓ એ એકશન મોડ માં આવીને તા.૨૭/૪/૨૦૨૧ મંગળવારથી તા. ૩/૫/૨૦૨૧ સોમવાર સુધીના પુરા સપ્તાહ માટેના 'સંપૂર્ણ લોક ડાઉન' ની જાહેરાત કરી છે.જે મુજબ તલોદ ના નાના મોટા તમામ વેપાર ધંધા મંગળવાર થી એક સપ્તાહ માટે સંપર્ણપણે બંધ રાખવાની વેપારી આલમને ફરજ પડશે. તલોદ નગર મા શનિ/રવિ સંપૂર્ણ બંધ અને સોમથી શુક્ર દરમિયાન બપોર ના ૨ વાગ્યાથી બજારો બંધ રાખવાનું અગાઉ ઠરાવવામાં આવ્યું હતું.પરંતુ કોરોના ની ઝડપી તેજ ગતિ ને કારણે સેંકડો લોકો કોરોના પોઝિટિવનો ભોગ બન્યા છે.તેમજ નગર અને તાલુકા ના ગામો માં પણ કોરોના એ હાહાકાર મચાવીને ભારે વિસ્ફોટક સ્થિતિ પેદા કરીને દહેશત નો માહોલ ઉભો કરી ને જન હૈયા ને હચમચાવી દેવામાં કોઈજ કસર રાખી નથી..ગામડાઓ માં ટપો ટપ લોકોના મોત થતાં હોવાનું પણ ચોમેર ચર્ચામાં રહ્યું છે.જેના પરિવારના સ્વજનો કોરોના ના ખપ્પરમાં હોમાઈ ગયા છે તેવા પરિવારો ની હાલત ખુબ દયનીય અને કફોડી બની છે. તલોદ તાલુકા ભરના ગામડાઓની તમામ દુકાનો..તથા ચોકડીઓ ઉપર આવેલા બજારો પણ આ એક સપ્તાહ ના લોકડાઉન દરમિયાન નાના મોટા વેપાર ધંધા બંધ રાખશે તોજ કોરોના ની ચેઈન ને તોડવામાં સફળતા મળશે તેમ મનાય છે. સપ્તાહ ભર બંધ દરમિયાન સરકારી હોસ્પિટલ માં કોવિડ ૧૯ ના ટેસ્ટ ની કામગીરી તથા વેક્સીનેશન ની કામગીરી નિયત સમય દરમિયાન રાબેતા મુજબ ચાલુ રહેશે.તેમજ દર્દીઓના નિદાન સારવાર ની કામગીરી પણ ચાલુ રહેશે. તલોદ પોલીસ પણ લોક ડાઉન દરમિયાન કડક હાથે કામ લેશે...અને



ખાલી નાહકના બજાર માં દોડી આવતા લોકો તથા વાહન ચાલકોને રોકી ને યોગ્ય ફરજ બજાવશે. તલોદ તાલુકાના ગામડાઓમાં મરણનો આંક દિનરાત વધી રહ્યો છે. તલોદ મહીયલ ગામ માં પણ બ્રહ્મ સમાજ, ક્ષત્રિય સમાજ, પ્રજાપતિ સમાજ અને રબારી સમાજ ના કેટલાક પરિવાર જનો ના અણધાર્યા દુઃખદ અવસાન થતાં પંથકમાં જાણે કે સોપો પડી ગયો છે... મોતનો ગમ અને બીમારીનો ભય લોક હૈયા ને હચમચાવી રહ્યો છે.તલોદ નગર અને મહીયલ સહિત ના ગામો માં સંપૂર્ણ સેનેટાઈઝ કરવામાં આવે તે સમયની માંગ છે.જ્યાં ગંદકીના ઢગ ખડકાયા છે. નવી કોવીડ હોસ્પિટલ માં દર્દીઓ ને ન્યાય મળતો નથી. એવી દવા લખે છેકે દર્દી અને તેના સગા દવા મેળવવા ફાફે ચડતા જોવા મળ્યા છે ... અહી સફાઈનો ભારે અભાવ હોવાનું દર્દીઓ ના સગા કહે છે તો હોસ્પિટલ ની તપાસ કલેકટર કરે તે ખાસ જરૂરી છે.

## માનવતાનો ધોધ : બાયડમાં આર.એસ.એસ. પ્રેરીત કોરોના દર્દીઓ માટે ટીફીન સેવા શરૂ

**ગુરૂકૃપા સ્ટીલ પરિવાર દ્વારા ટીફીન સેવા માટે દાન અપાયું**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ બાયડમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ જોવા મળ્યું છે. ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ રહી છે અને અનેક દર્દીઓને બેડ મળ્યા નથી. બાયડમાં જ ૫૦૦ થી વધુ લોકો સંક્રમિત થઈ હોમ ક્વોરન્ટાઈન થયા છે. ત્યારે સેવા પરમો ધર્મ..ના ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પ્રેરીત બાયડનગરમાં ટીફીન સેવા શરૂ કરવામાં આવી છે. હોમ ક્વોરન્ટાઈન દર્દીઓ માટે માત્ર ૫૦ રૂા.માં ટીફીન અને આર્થિક રીતે નબળા પરિવારો માટે મફત ટીફીન સેવા શરૂ થતાં અનેક દર્દીઓ અને તેમના પરિવારને રાહત થઈ છે. આર.એસ.એસ. પ્રેરીત સેવાને દાતાઓનો પણ અમૂલ્ય સહયોગ મળવાની શરૂઆત થઈ છે. બાયડના ગુરૂકૃપા સ્ટીલ પરિવાર (ગાબટ રોડ) દ્વારા ટીફીન સેવા માટે રૂા.૨૧ હજારનું દાન આપ્યું છે. બાયડમાં કોરોના દર્દીઓ માટે ચાલી રહેલી સેવાઓના ભેખધારીઓને પણ અનેક દાતાઓ દ્વારા દાન મળી રહ્યું છે. પૈસો હોય પરંતુ તેનો સદુપયોગ જરૂરી છે. અઢળક પૈસો હોય પરંતુ માનવતા મરી પરવારી હોય તો..?? તેનો કોઈ અર્થ નથી. બાયડમાં બાયડ ઉપરાંત અન્ય તાલુકાના અને જિલ્લાના કોરોનાગ્રસ્ત દર્દીઓ સારવાર માટે આવે છે. બાયડ પાલિકા વિસ્તારમાં સ્વયંભૂ લૉકડાઉન હોવાથી દર્દીઓ અને તેમના સગાઓને સવાર-સાંજ જમવું ક્યાં..?? તેવો યક્ષ પ્રશ્નો હતો ત્યારે જયઅંબે મંદબુદ્ધિ આશ્રમ-બાયડ અને ત્યારબાદ આર.એસ.એસ. પ્રેરીત ટીફીન સેવા શરૂ થઈ છે. બાયડનગરમાં આર.એસ.એસ. દ્વારા શરૂ કરાયેલી ટીફીન સેવાનો લાભ લેવા માટે સવારે ૮-૦૦ કલાકે અને સાંજે ૪-૦૦ સુધીમાં રવિભાઈ પટેલ(મો.૯૫૮૬૩૯૧૨૮૬, ૯૪૨૭૨૭૯૬૯૮) ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# વાત્રક હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટને મંજૂરીઃ જિલ્લા ભાજપા સંગઠનની રજૂઆત રંગ લાવી

બાયડ, તા. ૨૯ અરવલ્લી જિલ્લાના મોડાસા અને ભિલોડામાં ઓક્સિજન પ્લાન્ટ મંજૂર કરી તાત્કાલિક પ્રધાનમંત્રી ખાણ ખનીજ યોજનામાંથી રૂ. ૬૨ લાખ ફાળવવામાં આવ્યા હતા. પરંતુ મોડાસામાં સાબરડેરી દ્વારા ઓક્સિજન પ્લાન્ટ તૈયાર કરવાનો નિર્ણય લેવાયા પછી અરવલ્લી જિલ્લા ભાજપા સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ભરતસિંહ રહેવર અને ટીમ દ્વારા વાત્રક હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટ મંજૂર કરવા રજૂઆત કરતાં તેનો સ્વીકાર કરાયો છે. વાત્રક હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓને હવે રાહત થશે.

રાજ્યમાં ઓક્સિજનની અછતથી દર્દીઓ દમ તોડી રહ્યા છે. ત્યારે વડાપ્રધાન દ્વારા દરેક જિલ્લામાં ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવા અનુરોધ કરાયા પછી અરવલ્લી જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકરે જિલ્લા વહીવટીતંત્ર સાથે બેઠક યોજી મોડાસા-ભિલોડામાં પ્લાન્ટ સ્થાપવાનો નિર્ણય લીધા પછી સરકારી સંસ્થાઓ ઓક્સિજન પ્લાન્ટ સ્થાપે તો કેટલીક છૂટછાટ અપાતાં મોડાસામાં સરકારી સંસ્થા દ્વારા ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવાનો નિર્ણય લેવાયો. ત્યારબાદ જિલ્લા ભાજપા સંગઠન દ્વારા પ્લાન્ટ વાત્રક હોસ્પિટલમાં સ્થાપવાની યોગ્ય રજૂઆત થતાં તેનો સ્વીકાર થયો છે.

## દુઃખદ અવસાન..



બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯

બાયડ : પ્રાંતિજ તાલુકાના ઘડી ગામ (હાલ રહે.હિંમતનગર)ના આશિષભાઈ એન. પંડ્યા(પત્રકાર)(પૂર્વ સંગઠન પ્રમુખ : તલોદ તાલુકા ભાજપ યુવા મોરચો)ની પુત્રી કુ.રીયાનું નિધન થયેલ છે.

•••

બાયડ : પ્રાંતિજ તાલુકાના સીતવાડાના જયેન્દ્રસિંહ જી. રાઠોડ (પૂર્વ પ્રમુખ : સાબરકાંઠા જિલ્લા પંચાયત, પૂર્વ સંગઠન પ્રમુખ : સાબરકાંઠા જિલ્લા ભાજપ)ના પત્નિ અમૃતબા રાઠોડનું નિધન થયેલ છે.

•••



બાયડ : ધનસુરાના મેજર વિઠ્ઠલભાઈ એમ. પટેલ(નિવૃત્ત શિક્ષક : બાયડ હાઈસ્કુલ)ના પુત્ર મેહુલભાઈ (લાલુ)નું દુઃખદ નિધન થયેલ છે. કોરોનાની મહામારીના કારણે તમામ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

•••

બાયડ : તલોદ તાલુકાના કઠવાડા ગામના જ્યંતિભાઈ એસ. પટેલ(ચેરમેન : ધી કઠવાડા દૂધ મંડળી)ના ફોઈના દિકરા હરીભાઈ દીનાભાઈ ચૌધરી (લેખક : આંજણા દર્પણ)(અણિયોડ, તા.તલોદ)નું હૃદય રોગના હુમલામાં નિધન થયેલ છે.

# પ્રા.શિક્ષકો ઉપર કોરોનાની વધુ એક ગાજ, બાયડના આકોડીયા પ્રા.શાળાના શિક્ષકનું કોરોનાથી મોત

**પ્લાઝમા આપ્યો છતાં જીંદગી સામેનો જંગ હાર્યા, બાયડ તાલુકા પ્રા.શિક્ષકોમાં શોક છવાયો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ જિલ્લામાં કોરોના પ્રા.શિક્ષકો ઉપર મોત બનીને ત્રાટકી રહ્યો છે. બાયડ તાલુકાના વાત્રકગઢકંપા જુથની આકોડીયા(અલવા) પ્રા.શાળાના ઉપશિક્ષક અનંતભાઈ પટેલનું કોરોનાથી મોત નિપજતાં બાયડ તાલુકાના પ્રા.શિક્ષકોમાં શોક છવાયો છે. એક પછી એક પ્રા.શિક્ષકોને કોરોના ભરખી જતાં શિક્ષક પરિવારો ચિંતિત બની ગયા છે. પ્રા.શિક્ષકો કોરોનાથી સંક્રમિત બનીને સારવાર માટે જાય ત્યારે તેમને પણ કલાકો સુધી બેડ મળતો નથી આ સંજોગોમાં સરકાર અને આરોગ્ય વિભાગે પ્રા.શિક્ષકો સંક્રમિત થાય તો તાબડતોબ બેડ, ઓક્સિજન, વેન્ટીલેટરની સવલત મળી રહે તે પ્રકારનું આયોજન કરવું રહ્યું.



કોરોનાએ અનેક પ્રતિભાઓને છીનવી લીધી છે. બેકાબુ બનેલા કોરોનાના સંક્રમણથી શહેરી અને ગ્રામ્ય વિસ્તારો તબાહ થઈ રહ્યા છે. જ્યાં જુઓ ત્યાં કોરોનાના ચેપગ્રસ્ત દર્દી અને કોરોનાથી મોતને ભેટેલા દર્દીઓના કારણે ચિંતા અને શોકનું વાતાવરણ જોવા મળ્યું છે. ગત રોજ બે શિક્ષકોના મોત પછી બાયડ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીનું પણ કોરોનાથી મોત નિપજ્યાના આઘાતમાંથી પ્રા.શિક્ષકો અને કેળવણીકારો બહાર આવ્યા નથી ત્યાં અત્યંત માયાળુ સ્વભાવના આકોડીયા પ્રા.શાળાના શિક્ષકનું મોત નિપજ્યાની આઘાતજનક ઘટના બહાર આવતાં શોક છવાયો છે. જાણવા મળ્યા મુજબ પ્રા.શિક્ષક કોરોનાથી સંક્રમિત થયા પછી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા તેમને બચાવી લેવાના મરણિયા પ્રયાસના ભાગરૂપે પ્લાઝમા દાતા મળી આવ્યા હતા અને પ્લાઝમા આપ્યા છતાં પણ શિક્ષક જીંદગીની બાજી કોરોના સામે હારી ગયા હતા.

# બાયડ તાલુકાની હાલત કાળજુ કંપાવનારી, વાત્રક સ્મશાન ગૃહમાં દરરોજ ૧૦ મૃતદેહના અગ્નિ સંસ્કાર

**લાકડાંનો દૈનિક વપરાશ ૨૫૦ થી ૩૦૦ મણ, નજીકના સ્વજનો પણ સ્મશાનમાં આવવાનું ટાળી રહ્યા છે મરણ નોંધણી માટે ગ્રામ પંચાયતો, પાલિકામાં ધસારો..!!**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૯ અરવલ્લી જિલ્લો કોરોનાના વિનાશકારી સંક્રમણમાં સપડાયો છે. સરકારી કોવિડ અને ખાનગી હોસ્પિટલો સવારથી માંડી રાત સુધી દર્દીઓથી ઉભરાઈ રહી છે. બેડ અને ઓક્સિજન ખૂટી પડતાં ગ્રામ્ય વિસ્તારોમાં હોલ, નાના મોટા ભવન, ધર્મશાળાઓમાં આઈસોલેશન વોર્ડ ખોલવામાં આવ્યા છે. ત્યારે બાયડ તાલુકાની હાલત દિવસે..દિવસે કાળજુ કંપાવનારી બની ગઈ છે. વાત્રક સ્મશાન ગૃહમાં દરરોજ સરેરાશ ૧૦ મૃતદેહના અગ્નિ સંસ્કાર થઈ રહ્યા છે..!! લાકડાંનો દૈનિક વપરાશ ૨૫૦ થી ૩૦૦ મણે પહોંચ્યો છે. નજીકના સ્વજનો પણ કોરોનાના ચેપથી બચવા સ્મશાનમાં આવવાનું ટાળી રહ્યા છે. મરણ નોંધણી માટે સ્વજનોનો ગ્રામ પંચાયતો અને પાલિકામાં ધસારો જોવા મળી રહ્યો છે. કોરોના આટલી હદે ક્રૂર બનશે તેની કોઈએ કલ્પના કરી ન હતી. કોરોનાની બીજી લહેરમાં આરોગ્ય તંત્રની કામગીરી સામે સવાલ ઉભા થયા છે. સરકારી કોવિડ હોસ્પિટલો ડેથ હોસ્પિટલ તરીકે ઓળખાઈ રહી છે. ઠેકઠેકાણે લાશો બહાર જતી જોવા મળે છે. આરોગ્ય વિભાગ કોવિડ અને નોન કોવિડથી મોતના ભેદભાવમાં પડી છે. ત્યારે અરવલ્લી જિલ્લાના ભિલોડા થી બાયડ સુધીના વિસ્તારમાં કોરોનાથી મૃત્યુ પામનારાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જે રીતે હોસ્પિટલોમાં ઓક્સિજન અને રેમડેસિવિર ઈન્જેક્શનની અછત મુદ્દે હોબાળા થઈ રહ્યા છે તે જોતાં સ્થિતિ વધુ ગંભીર છે. માત્ર બાયડ તાલુકાની વાત કરવામાં આવે તો વાત્રકની કોવિડ હોસ્પિટલમાં દર્દીને દાખલ કરવો હોય તો ૭ કોઠા વિંધવા જેવી સ્થિતિ છે. બાયડની ખાનગી હોસ્પિટલમાં પણ લાંબા લાંબા વેઈટીંગ છે. હવે સ્થાનિક ડૉક્ટરો પણ સતત સેવાના કારણે માનસિક રીતે થાક અનુભવતા હોય તેવું દેખાય છે. બાયડ સહિત તેના ગ્રામ્ય વિસ્તારોમાં હાલત કોરોનાના કારણે કાળજુ કંપાવનારી બની ગઈ છે. વાત્રક સ્મશાન ગૃહમાં જે રીતે એક પછી એક મૃતદેહને અગ્નિ સંસ્કાર આપવામાં આવી રહ્યા છે તે દ્રશ્યો વધુ બિહામણા લાગે છે. આ માત્ર વાત્રક સ્મશાન ગૃહની સ્થિતિ છે તો પછી તાલુકાના અન્ય સ્મશાન ગૃહોમાં પણ કેટલા મૃતદેહોને અગ્નિ સંસ્કાર અપાતા હશે. તમામ મોત કોરોનાથી નિપજ્યા હોય તેવું ન બની શકે પરંતુ કુદરતી મોત હોય તો પણ મૃત્યુ આંક અસાધારણ છે.